ટેન્ડર ફી રૂા.૧૦૦૦/–

# શ્રી સોમનાથ ટ્રસ્ટ – પભાસ પાટણ

## –:: ભાવ પત્રક ::–

તા..../...../૨૦૨૨

ટેન્ડર ભરનાર એજન્સીનું નામઃ–.....................................................................................................

ટેન્ડર ભરનાર એજન્સીનું સરનામુઃ–.................................................................................................

ટેન્ડર ભરનાર એજન્સીનો પાન નંબરઃ–..............................................................................................

ટેન્ડર ભરનાર એજન્સીનો જી.એસ.ટી નંબરઃ–.......................................................................................

પ્રતિ,
શ્રી એકઝીકયુટીવ ઓફીસર,
શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ.

વિષયઃ– શ્રી સોમનાથ ગૌશાળાની બાજુમાં આવેલ જગ્યા તેમજ શ્રી સોમનાથ મંદિર પાસે આવેલ શ્રી સોમનાથ ટ્રસ્ટની જગ્યામાં ૭ ફુટ ઉંચાઈની પ્રીકાસ્ટ કંપાઉન્ડ વોલ બનાવી આપવાના ભાવ.

| ક્રમ | કામગીરીની વિગત | એકમ | ભાવ રૂા. (પ્રતિ રનીંગ ફુટ) | અંદાજીત કવોન્ટીટી | કુલ રકમ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | **૭ ફુટ ઉંચાઈ વાળી પ્રીકાસ્ટ આરસીસી ફોલ્ડીંગ કંપાઉન્ડ વોલ** ૬" X ૬" X ૯ ફુટ ઉંચાઈની થાંભલી, જે બીમમાં ૭ નંગ તાર ૩ એમએમના અને ૫૦ એમએમ જાડાઈના પાટીયાની સાઈઝ ૭ ફુટ X ૧ ફુટના, જે પાટીયામાં ૪ નંગ તાર ૩ એમએમ, પાટીયા અને બીમમાં કોંકીટનો ગ્રેડ એમ ૨૦ (૧:૧.૫:૩) સાથે, જમીનમાં બીમ જમાવવા માટે ૧ ફુટ X ૧ ફુટ નો અને ૦૨ ફુટ ઉંડાઈનો ખાડો કરી બીમ જમાવવા માટે ખાડામાં એમ:૨૦ (૧:૧.૫:૩) કોન્ક્રીટથી જમાવી થાંભલીમાં પાટીયા ભરી જરૂરી વાટા તેમજ પ્રીકાસ્ટ માલ–સામાન સપ્લાય તથા ફીટીંગ કરી આપવા સાથેની કામગીરી કરી આપવાના ભાવ. | પ્રતિ રનીંગ ફુટ | | ૨૦૦૦ રનીંગ ફુટ | |

એજન્સીની સહી અને સીકકો

## –::ટેન્ડરની શરતો::–

૧. ટેન્ડર ભરનાર એજન્સીએ લગતી કામગીરીમાં દર્શાવેલ આઈટમ માટે જરૂરી પ્રીકાસ્ટ માલ–સામાન તેમજ મજુરી–ફીટીંગ એજન્સીની રહેશે. જેમાં થાંભલીને જમાવવા માટે નું મટેરીયલ રેતી, કપચી, સીમેન્ટ શ્રી સોમનાથ ટ્રસ્ટ ધ્વારા આપવામાં આવશે.

૨. એજન્સીએ ભરેલ ભાવમાં સરકારશ્રીના નિમય અનુસાર ટી.ડી.એસ. કપાત કરવામાં આવશે અને પેમેન્ટ ચેકથી આપવામાં આવશે.

૩. **આ કામગીરીમાં એજન્સીએ જી. એસ. ટી. સાથેના ભાવ ભરવાના રહેશે.**

૪. એજન્સીએ ટેન્ડરના ભાવ ભરતા પહેલા અચુક સ્થળ મુલાકાત કરવાની રહેશે.

૫. એજન્સી રજીસ્ટર્ડ થયેલ હોવી જોઈએ. જેનો નંબર રજુ કરવાનો રહેશે. તેની રજીસ્ટ્રેશનની કોપી જમા કરાવવાની રહેશે.

૬. એજન્સીએ પાન કાર્ડ, જીએસટી વગેરેની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.

૭. **એજન્સીએ કામગીરી કરતા મજુરોનો ઈન્શ્યોરન્સ લઈને જમા કરાવ્યા બાદ જ કામગીરી કરવાની રહેશે.**

૮. એજન્સીએ આવી કામગીરીનો અનુભવ કામગીરીના અનુભવના જરૂરી ડોકયુમેન્ટ સાથે જોડી આપવાના રહેશે.

૯. ટેન્ડર મંજુર થયેલ એજન્સી કામની જગ્યા પર સાધન સામગ્રી તેમજ મજુર વગેરેને આવવા–જવાનું ભાડું કે અન્ય ભથ્થા વગેરે જે કાંઈ ખર્ચ એજન્સીએ જ ભોગવવાનો રહશે.

૧૦. એજન્સીને સોંપવામાં આવેલ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ ન થાય તો એજન્સીએ ભરેલ ટેન્ડરની કુલ રકમના પ્રતિ દિવસના ૦.૧% લેખે લીકવીડીટી ડેમેજ તરીકે વસુલ કરવામાં આવશે. તેમજ અન્ય કોઈ નુકશાન થશે તો એજન્સીની જવાબદારી રહેશે તેમજ થયેલ નુકશાનને રીપેરીંગ વગેરે કરી આપવાનુ રહેશે અથવા તો બીલ માંથી થયેલ નુકશાન કપાત કરવામાં આવશે.

૧૧. મજુરને લગતા કોઈપણ પ્રકારના પ્રશ્ન અંગેની જવાબદારી એજન્સીની રહેશે. કામગીરી દરમ્યાન અકસ્માત અને જાનહાની સર્જાય તો જવાબદારી આપશ્રીની રહેશે.

૧૨. કોઈ પણ પ્રકારનો વાદ–વિવાદ કે તકરાર માટે ન્યાયક્ષેત્ર વેરાવળ(જી. ગીર સોમનાથ) રહેશે.

૧૩. કામગીરી સીવીલ એન્જી/આસી. સીવીલ એન્જીનીયર/ પીએમસી એન્જીનીયરની દેખરેખ નીચે કરવાની રહેશે.

૧૪. આ કામગીરી માટે ભરેલ ભાવના ટેન્ડર ખોલવા કે ન ખોલવા અથવા એજન્સીને કામગીરી આપવી કે ન આપવી એ હકક ટ્રસ્ટનો અબાધીત રહેશે.

૧૫. સોમનાથ મંદિર/ ટ્રસ્ટ ને લગતા તહેવાર તથા વીઆઈપી ની સોમનાથ મુલાકાત દરમીયાન જરૂરીયાત મુજબ દલીલ વગર કામગીરી બંધ રાખવાની રહેશે.

૧૬. કામગીરી પુર્ણ થયે મુકેલ મટીરીયલ ખસેડી અને સીમેન્ટ કલરના ડાઘા વગેરે સફાઈ કરાવ્યા બાદ જ બીલ રજુ કરવાનું રહેશે.

૧૭. એજન્સીએ દરેક કામગીરી ટ્રસ્ટના એન્જીનીયરને ચેક કરાવી કરવાની રહેશે.

૧૮. એજન્સીને સોંપવામાં આવેલ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ ન થાય, કવોલીટી ન જળવાય તેવી ભુલો આપશ્રી ધ્વારા વારંવાર અનુસરવામાં આવશે તો આપશ્રીનો કોન્ટ્રાકટ ટ્રસ્ટ ધ્વારા રદ કરી દેવામાં આવશે.

૧૯. એજન્સીની સાઈટ પર કામ કરતા કારીગર/મજુરે સેફટી હેલ્મેટ, સેફટી સુઝ તેમજ ઉંચાઈ પર કામ કરતી સમયે સેફટી બેલ્ટ પહેરવાનો રહેશે. તેમજ સાઈટ પર પ્રાયમરી ફર્સ્ટ એડ કીટ પણ રાખવાની રહેશે. એજન્સી ધ્વારા વાપરવામાં આવતા ઈલેકટ્રીક ટુલ્સના કેબલ થ્રુ આઉટ હોવો જોઈએ. કેબલમાં કયાંય સાંધો ખુલ્લો ન રહેવો જોઈએ અને જોઈન્ટનું ટેપીંગ વ્યવસ્થિત કરેલ હોવું જોઈએ. ઉકત જણાવેલ બાબતમાં સાઈટ પર કોઈ પણ એકપ્રકારની સેફટી જળવાશે નહી તો પ્રતિ દિવસના રૂા.૧૦૦૦/– લેખે લીકવીડીટી ડેમેજ તરીકે બિલમાંથી કપાત કરવામાં આવશે.

૨૦. એજન્સીએ ઉપરોકત ભાવ પત્રકમાં દર્શાવેલ કામગીરી સી.પી.ડબલ્યુ.ડી. ના સ્પેસીફીકેશન મુજબ કરવાની રહેશે.

૨૧. એજન્સીએ કામગીરી વર્ક ઓર્ડર મળ્યા બાદ દિવસ–૨૦ માં પુર્ણ કરવાની રહેશે.

૨૨. એજન્સીએ લેબર કાયદા અને નિયમોનું પાલન કરવાનું રહેશે. જેના માટે એજન્સી બંધન કર્તા રહેશે અને જો એમ નહી કરવામાં આવે તો કામગીરી બંધ કરાવવામાં આવશે અને લેબર કાયદા – નિયમોના ભંગની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૨૩. **એજન્સીએ ટેન્ડર (નોન રીફંડેબલ)–ફી ટ્રસ્ટની ઓફીસમાં જમા કરાવી રસીદની ઝેરોક્ષ ભાવ પત્રક સાથે જોડવાની રહેશે તેમજ બંધ કવરમાં ટ્રસ્ટની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન અપવાની રહેશે. જો રસીદની ઝેરોક્ષ ભાવ પત્રક સાથે જોડેલ નહી હોય તો ભાવ પત્રક રદ કરવામાં આવશે.**

૨૪. **ઉપરોકત ટેન્ડરમાં આપેલ પ્રીકાસ્ટ દિવાલની કવોન્ટીટી અંદાજીત હોય જેથી કવોન્ટીટીમાં વધારો–ઘટાડો થઈ શકે છે.**

ઉપરોત શરતો મે વાંચી અને સમજી છે જે અમોને મંજુર છે.

એજન્સીની સહી અને સીકકો